===========================================================

## મહુવાના મહે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ,મહુવા.

ફો.કે.નં. ૭૮૧/૨૦૨૫

આંક–

ફરીયાદી શ્રી સરકાર

–:: વિરૂધ્ધ ::–

આરોપી અશોકભાઈ વિઠ્ઠલભાઈ શિયાળ,
રહે.મહુવા, તા.મહુવા, જી.ભાવનગર

**બાબત : પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ**

આરોપી કોર્ટમા હાજર થતા, તેમને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવી. આ કામના આરોપી હાજર થઈ ગુનો કબુલ કરવા માંગતા હોય, આજરોજ તેઓની પ્લી લેતા તેઓએ તેમની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જે બાદ આરોપીએ આજરોજ કબુલાત પુરસીસ આપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જેથી આરોપીને કાયદાની સજાની જોગવાઈથી વાકેફ કરેલ છે. આરોપીએ કબુલાત પુરસીસમાં જણાવેલ છે. જેથી આરોપીને કાયદાની જોગવાઈથી વાકેફ કરેલ છે. આરોપીએ કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે. કુટુંબના તમામ સભ્યોની જવાબદારી તેમના શીરે છે. તેમનો પ્રથમ ગુનો છે, ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે, ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે, અંતમા રહેમ રાખવાની અરજ કરેલ છે. વધુમાં આરોપીને કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી  સ્પષ્ટ સમજ આપવામા આવેલ છે. આમ છતા આરોપી રાજીખુશીથી સ્વેચ્છાએ સદરહુ ગુનો કબુલ કરે છે આ સં દર્ભમાં ૨૦૦૫(૧) જી.એલ.આર પાનાં નં.૭૦૯, ગુજરાત સરકાર વિ. નટવર હરચંદજી ઠાકોરના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ ચુકાદો ધ્યાને લેતા, કાયદામાં ઠરાવેલ ચુકાદો ધ્યાને લેતા,કાયદામાં ઠરાવેલ ઓછામા ઓછી સજા કરતા પણ ઓછી સજા ખાસ વિશિષ્ટ કારણોસર ફરમાવવાની અદાલતને સત્તા છે અને સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને  લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે જેથી  આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી

===========================================================

==================================================

ઓછામા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું માનુ છુ. વિશેષમાં જો આરોપીને જેલમાં મોકલવામાં આવે તો તેમના બાળકો, તેમના પરિવાર અને આર્થિક પરિસ્થિતી ઉપર પણ વિપરીત અસર થાય તેમ જણાય છે તેમજ પરિવારના ભરણ–પોષણનો સવાલ ઉભો થાય તેમ છે.વિશેષમાં આરોપીને જેલમાં મોકલવાથી જેલમાં અન્ય ગુનાહીત માનસ ધરાવતા અલગ અલગ ઈસમોના સંપર્કમાં આવવાથી આરોપીના માનસ ઉપર વિપરીત અસર થાય તેમ છે.નામ.ગુજરાત વડી અદાલત ધ્વારા લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગ રાખેલ હોય ફકત દંડ કરવો યોગ્ય જણાય આવતો હોય.જેથી આ તમામ કારણોસર નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

==================================================

**–:હુક મ:–**

==================================================

આ કામના આરોપીને સી. આર. પી. સી. કલમ–૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ કરવામાં આવે છે તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૧૧/૦૭/૨૦૨૬ ના રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
મહુવા.

(જયેશકુમાર બાબુભાઈ શર્મા)
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,મહુવા
કોડ નં.જીજે૦૧૬૨૩

એ.એમ.વાળા

==================================================